**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

| | |
|---|---|
| ગુણ | - ૯૫ |
| સારા અક્ષરના ગુણ | - ૫ |
| કુલ ગુણ | - ૧૦૦ |

# ઉકેલપત્ર : બાળ સત્સંગ - પહેલી

**(સમય : સવારે ૯ થી ૧૧)** **(રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯)**

**બાળ સત્સંગ - ૧ : બારમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૦૬**

**પ્ર.૧. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૧૦)**

૧. આંબા (૩અ/૫) ૨. શ્રીમદ્ ભગવદ્ ગીતા (૨અ/૩) ૩. ૨૦ (૧૪અ/૩૮) ૪. અદ્વૈતાનંદ (૧૬અ/૪૬)
૫. વગડામાં (૧૨અ/૩૩) ૬. મુક્તાનંદ સ્વામી (૯બ/૮૮) ૭. જાંબુવાન (૧૧અ/૨૯) ૮. જીવા (૧૭અ/૪૭)
૯. જોબન પગી (૨૬અ/૬૫) ૧૦. સાચા સંતો (૪બ/૮૧)

**પ્ર.૨. નીચે આપેલાં ખરા વાક્યની સામે '✔' (ખરા)ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે '✘' (ખોટા) ની નિશાની કરો. (કુલ ગુણ : ૧૦)**

૧. ખોટું - ✗ (૪અ/૮) ૨. ખોટું - ✗ (૮અ/૧૯) ૩. ખરું - ✔ (૧૨અ/૩૧) ૪. ખોટું - ✗ (૧૧બ/૯૨)
૫. ખરું - ✔ (૨૧અ/૫૪) ૬. ખોટું - ✗ (૧૪અ/૩૭) ૭. ખોટું - ✗ (૫અ/૧૨) ૮. ખરું - ✔ (૬અ/૧૩)
૯. ખોટું - ✗ (૧૩અ/૩૫) ૧૦. ખોટું - ✗ (૧અ/૧)

**પ્ર.૩. નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. નીલકંઠ વર્ણીની પ્રાર્થનાથી ઠુંઠામાંથી ઘટાદાર વૃક્ષ બની ગયું. તેથી પિબેક નીલકંઠ વર્ણીના પગમાં પડ્યો. (૯અ/૨૨)
૨. ઘનશ્યામ ભયને પી ગયા હતા. તેથી બાવાઓએ ઘનશ્યામને નીલકંઠ વર્ણી કહ્યા. (૭અ/૧૭)
૩. જગતમાં રાજા, ધનવાન અને જ્ઞાનીનો જે જે કાર થાય છે. (૨અ/૩)
૪. ઘનશ્યામે કાશીની ચર્ચામાં ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે તેવો નિર્ણય આપ્યો. (૫અ/૧૨)
૫. રામાનંદ સ્વામીએ સંવત્ ૧૮૫૭ના કારતક સુદ એકાદશીના દિવસે દીક્ષા આપી. (૧૩અ/૩૫)
૬. હે સહજાનંદ મહારાજ, મને એકનો અનેક બનાવો. (૧૫અ/૪૧)
૭. મહારાજની સવારી પર છાણ, ધૂળ, કાંકરા, ઢેફાં અને ઈંટાળા નાખી આણંદના લોકોએ તોફાન કર્યું. (૨૩અ/૫૯)
૮. પ્રાણવલ્લભ બ્રાહ્મણ મરણ પામ્યા પછી ચિતા પર બેઠો થઈ ગયો. (૨૫અ/૬૨)
૯. મીઠા વ્હાલા કેમ વિસરું, મારું તમથી બાંધેલ તન હો..... (૩૦અ/૭૪)
૧૦. દરિયાખાનના ઘુંમટ પાસે આમલીઓના ઝૂંડમાં સાધુઓની મંડળીએ મુકામ કર્યો. (૨૮અ/૬૯)

**પ્ર.૪. નીચે આપેલાં અવતરણો કોણ, કોને કહે છે તે જણાવો. (કુલ ગુણ : ૧૦)** **☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ**

૧. મુનિ મહારાજ - ધર્મદેવને (૧અ/૧) ૨. બાવાઓના આગેવાને - ઘનશ્યામને (૭અ/૧૬)
૩. નીલકંઠ વર્ણી - વાઘને (૧૦અ/૨૫) ૪. મહારાજ - મગનીરામને (૧૬અ/૪૪)
૫. મહારાજના સાધુ - બાવાને (૨૭અ/૬૭)

**પ્ર.૫. નીચે આપેલાં પ્રશ્નોના જવાબ ત્રણ લીટીમાં આપો. (કુલ ગુણ : ૧૦)** **☞ નોંધ :- અડધો જવાબ સાચો હોય તો ૧ ગુણ આપવો.**

૧. આશ્રમમાં કોઈ ગાંજો નહોતું ફૂંકતું, બીડી તમાકુ ન વાપરતું. કોઈ ભાંગ નહોતું પીતું, છીકણીં નહોતું સૂંઘતું, આચાર-વિચારમાં શુદ્ધતા હતી. ગુસ્સો કે ગાળાગાળી કરવી તેને ખરાબ ગણતા. ભક્તિનું વાતાવરણ હતું. (૧૨અ/૩૨)
૨. ''લોક-કલ્યાણના કામો કરજો, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ પ્રવર્તાવજો. વેદમાં કહ્યો એવો ધર્મ પાળજો અને પળાવજો. જીજ્ઞાસુઓને જ્ઞાન આપજો, મુમુક્ષુને દીક્ષા આપી ત્યાગી બનાવજો, મોટાં મંદિરો બનાવી રાધાકૃષ્ણની મૂર્તિઓ પધરાવજો, સદ્‌ગ્રંથો રચી-રચાવી ધર્મનો પાયો પાકો કરજો. (૧૪અ/૩૮)
૩. ડુંગળી, લસણ, ઈંડા, માંસ, દારૂ વગેરે ખાવા-પીવાથી શરીર અને મન બગડે, પાપ લાગે, ખરાબ વિચારો આવે, ખરાબ કામો થાય અને નરકમાં પડાય. (૫બ/૮૨)
૪. સૂબાએ મહેલમાં ઉકળતા તેલનું ટાંકુ કરાવી, તેને લાકડાની પાતળી ચીપો અને કપડાંથી ઢાંકી દઈ તેની ઉપર મહારાજ માટે સિંહાસન ગોઠવ્યું. (૨૨અ/૫૭)
૫. સાધુઓમાં કેટલાક ક્ષત્રિય હતા. તલવાર જોઈને એમનું લોહી ઉકળી આવે તો બે-પાંચના માથા વઢાઇ જાય. સંતોને

મરવાની કે બાવાઓ મરે તેની બીક ન હતી પણ સાધુઓ મારામારીમાં ઉતરે તો તેઓનું સાધુપણું લાજે. માટે બ્રહ્માનંદ સ્વામીએ બાવાને તલવાર પાછી આપી. (૨૭અ/૬૮)

**વિભાગ : - ૨**

**પ્ર.૬. નીચે આપેલાં પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની આગળના ચોરસ ખાનામાં ફક્ત જવાબ નંબર લખો. (કુલ ગુણ : ૧૦)**

| | | | | |
|---|---|---|---|---|
| **૧.** ૨ (૧૪અ/૩૮) | **૨.** ૩ (૧૧અ/૩૦-૩૧) | **૩.** ૪ (૧૬અ/૪૩) | **૪.** ૨ (૩૦અ/૭૪) | **૫.** ૧ (૧૨અ/૩૧) |
| **૬.** ૨ (૬બ/૮૫) | **૭.** ૧ (૨૮અ/૭૦) | **૮.** ૩ (૧બ/૭૬) | **૯.** ૪ (૨૧અ/૫૪) | **૧૦.** ૧ (૧૫અ/૪૦) |

**પ્ર.૭. વિભાગ 'બ'માંથી યોગ્ય જવાબનો ક્રમાંક પસંદ કરી, વિભાગ 'અ' સામેના ચોરસમાં ફક્ત જવાબનો ક્રમાંક લખી જોડકાં બનાવો. (કુલ ગુણ : ૫)**

| 'અ' | | 'બ' |
|---|---|---|
| ૧. ગઢડા (૧૭અ/૪૭) | ૩ | ૧. વિઠોબા |
| ૨. પીપલાણા (૧૩અ/૩૫) | ૫ | ૨. ચાલુ સવારીએ કાકડી |
| ૩. જૂનાગઢ (૧૮અ/૪૯) | ૨ | ૩. છોકરાંને સમાધિ |
| ૪. અમદાવાદ (૨૨અ/૫૬) | ૧ | ૪. યજ્ઞ ન અટક્યો |
| ૫. ડભાણ (૨૪અ/૬૦) | ૪ | ૫. નીલકંઠવર્ણીને દીક્ષા |

**પ્ર.૮. નીચે આપેલી સ્વામીની વાતો પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી હોય તો જ ગુણ આપવા, અડધી વાત સાચી હોય તો ગુણ ન આપવા.**

૧. નિરંતર સર્વ ક્રિયામાં પાછું વળીને જોવું જે,'મારે ભગવાન ભજવા છે, ને હું શું કરું છું ?' એમ જોયા કરવું. (૧૦બ/૯૧)

૨. ગાફલાઈ ટાળવાનું કારણ એ છે જે ખટકો રાખે તો ટળે ને બીજો ઉપાય તો કોઈક શિક્ષા કરે ત્યારે ટળે. (૧૦બ/૯૧)

૩. આવા સાધુને મનમાં સંભારીએ, તો મનનાં પાપ બળી જાય. ને વાતો સાંભળીએ, તો કાનનાં પાપ બળી જાય. ને દર્શન કરીએ. તો આંખનાં પાપ બળી જાય એમ મહિમા જાણવો. (૧૦બ/૯૬)

૪. કેટલેક રૂપિયે આંખ, કાન આદિક ઈન્દ્રિયું મળે નહિ તે ભગવાને આપ્યાં છે, પણ જીવ કેવળ કૃતઘ્ની છે. (૧૦બ/૯૧)

૫. આપણે ભગવાનના છીએ, પણ માયાના નથી, એમ માનવું.(૧૦બ/૯૧)

**પ્ર.૯. નીચે આપેલાં કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- કિર્તન/અષ્ટક/શ્લોક અડધા સાચા હોય તો, એક (૧) ગુણ આપવો.**

૧. ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૭બ/૮૬)

૨. પાંચડે પાંચ, ભક્તિમાં ના'વે આંચ.......મારા બંધુ૦
છગડે છય, શ્રીજીની બોલો જય...........મારા બંધુ૦
સાતડે સાત, છે બ્રહ્મ હમારી જાત........મારા બંધુ૦
આઠડે આઠ, મૂકી દે જગનો ઠાઠ.........મારા બંધુ૦ (૩બ/૭૯)

૩. ચરણ સરોજ તમારા, વંદુ કર જોડી; (૨), ચરણે શીશ(ચિત્ત) ધર્યાથી (૨) દુઃખ નાખ્યાં તોડી.......જય૦
નારાયણમુનિ ત્રાતા (સુખદાતા) દ્વિજકુળ તનુ ધારી; (૨)
પામર પતિત ઉધ્ધાર્યા (૨) અગણિત નરનારી.......જય૦ (૯બ/૮૯)

૪. અક્ષરને મન ભાવ્યા અમે, પુરુષોત્તમને જાણ્યા અમે,
વંદન કરીએ ગુરુજી તમને, સદાય રાખો ચરણે અમને... અક્ષર (૧૨બ/૯૩)

૫. ૐ સહ નાવવતુ સહ નૌં ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ ।
તેજસ્વિ નાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ॥
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ । (૭બ/૮૬)

**પ્ર.૧૦. નીચે આપેલાં પાઠમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

૧. **જ્યાં વહેમ ત્યાં હરિ નહીં. (૧૯અ/૫૦) :** એક વાર એક માણસ માંદો પડ્યો. અને તેનાં સગાં મહારાજને બોલાવી લાવ્યા. મનમાં એમ કે મહારાજનાં આશીર્વાદથી એ સાજો થઈ જાય. પણ મહારાજે ત્યાં જઈને જોયું તો ખાટલાનાં પાયે કાળો દોરો બાંધેલો હતો. મહારાજ પાછા ફરી ગયા અને કહે, ''જ્યાં વહેમ ત્યાં હરિ નહિ, જ્યાં હરિ ત્યાં વહેમ નહિં.'' હરિનાં ભક્તે હરિ પર જ વિશ્વાસ રાખવો જોઈએ. પરમાત્માથી મોટું કોઈ નથી. માટે પરમાત્મા સિવાય કોઈની સાડાબારી રાખવી નહિ. મંતર-જંતર, દોરા-ધાગા, ભૂત-પલિત, ડાકણ-શાકણ, કશાથી બીવું નહીં! વહેમો તો કંઈ થોડા હતા ? હોળી આવે એટલે લોકો ગંદા ફટાણાં ગાય, છાતી કૂટે, ગાળો દે ! કહે કે આવું કરવું પડે, ન કરીએ તો હોળી માતા ગુસ્સે થાય. મહારાજ કહે : મા તે કદી ગાળો દેવાનું કહેતી હશે ? તેમણે એ બધું બંધ કરાવ્યું. સંતો પાસે હોળી પર ગાવાના સુંદર ગીતો લખાવ્યાં. તે ગીતો બધે ગવાતાં કરાવ્યાં. લગ્ન વખતે ગવાતાં બીભત્સ ગીતો પણ મહારાજે બંધ કરાવી રાધા વિવાહ અને રૂક્ષ્મણી વિવાહનાં ગીતો ગવાતાં કર્યાં. તેમણે લોકોને બતાવ્યું કે જ્યાં વહેમ ત્યાં હરિ નહિ ! ને જ્યાં હરિ ત્યાં વહેમ નહીં. કારણ પરમાત્માની ઈચ્છા વગર કોઈ સાજુ-માંદુ થતું નથી. માટે માંદે-સાજે, દુઃખ-સુખમાં એક પરમાત્માનો જ આશરો લેવો.

૨. **અભ્યાસ (૨બ/૭૭) :** પ્રમુખસ્વામી મહારાજ ઘણી બધી પધરામણી કરીને ઉતારે બેઠા હતા. યુવકો સ્વામીશ્રીના પગ દાબતા હતા. તેવામાં એક બાળક આવ્યો. તેને પણ સેવા કરવાનું મન થયું. બાળક સેવા કરવા લાગ્યો. બાળક અભ્યાસ કરવામાં આળસ રાખતો હતો. આ વાત સ્વામીશ્રી જાણતા હતા. તેથી કહ્યું, 'તું અભ્યાસ કર તે મારી સેવા છે. તને પગ તો પાંચેક મિનીટ દાબવા મળશે. પણ તું રોજ ત્રણ કલાક અભ્યાસ કર તો તે મારી ત્રણ કલાક સેવા કરી છે એમ મને થશે અને તને જોઈને જ મારી તબિયત સારી થઈ જશે.' જે સારી રીતે ભણે તે સ્વામીને ગમે. જે સારી રીતે ભણે તે શ્રીજીને ગમે. ભણ્યા વગર કોણ આગળ આવે ? ભણ્યા વગર કોણ સુખી થાય ? ભણ્યા વગર કોણ મહાન બને ? કોઈ નહિ. આપણને જે કંઈ શિખવાડે તેના પર ધ્યાન આપવું. વિચાર કરવો. ન આવડે તો પૂછવું. 'આ શું', 'આમ કેમ ?' ક્યારે થયું ? કેવી રીતે થયું ? અને કહે તે ધ્યાનથી સાંભળવું. વળી વિચાર કરવો. 'ક્યાં થયું', કોણે કર્યું ?' આમ પૂછતાં પૂછતાં, લખતાં લખતાં, વાંચતાં વાંચતા, વિચારતાં વિચારતાં, મહેનત કરતાં ઝટ આવડી જાય ! દરરોજ જે નવું શીખ્યા હોઈએ તે સાંજે ફરી વાંચી જ લેવું. જે શીખ્યા તેનો ઉપયોગ કરવો. આમ અભ્યાસ કરવો. અભ્યાસ રોજ કરવો. અભ્યાસ એક ધ્યાનથી કરવો. અભ્યાસ ઉમંગથી કરવો.

૩. **અહીં ઘનશ્યામ તહીં ઘનશ્યામ (૪અ/૭) :** ઘનશ્યામ પાંચ-સાત વરસના થયા ત્યારે ધર્મદેવ કુટુંબને લઈને અયોધ્યામાં આવ્યા હતા. અયોધ્યાનાં બધાં મંદિરો ઘનશ્યામનાં જાણીતાં હતાં. તેમાંય રામજી મંદિર અને હનુમાનગઢીનું હનુમાન મંદિર એમનાં ખાસ માનીતાં હતાં. એક વાર ઘનશ્યામ હનુમાન મંદિરમાં રામાયણની કથા સાંભળવા બેઠા હતા. સાંભળતાં સાંભળતાં રાત પડી ગઈ. ઘરે સૌને ચિંતા થઈ એટલે ઘનશ્યામના મોટાભાઈ રામપ્રતાપભાઈ એમને શોધતા ત્યાં આવ્યા. ઘનશ્યામે તેઓને રાધાકૃષ્ણનાં મંદિરમાં દર્શન કરીને આવવાનું કહ્યું. રામપ્રતાપભાઈ ત્યાં ગયા. તો ત્યાં ઘનશ્યામે તેઓને શિવમંદિરમાં દર્શન કરીને આવવાનું કહ્યું. રામપ્રતાપભાઈ ત્યાં ગયા. તો ત્યાં ઘનશ્યામે તેઓને હનુમાનગઢીમાં દર્શન કરીને આવવાનું કહ્યું. મોટાભાઈ ત્યાં આવ્યા તો ત્યાં પણ ઘનશ્યામ એક ચિત્તે કથા સાંભળતા હતા. આમ, મોટાભાઈના મનમાં કોયડો રહી ગયો કે, મેં એક સાથે ત્રણ જગ્યાએ ઘનશ્યામને જોયા એ શું ? પણ એમના મનનો કોયડો એ વખતે ઉકલ્યો નહિ. એ પાંત્રીસ વર્ષે જ્યારે ગુજરાતમાં આવ્યા ને સહજાનંદ સ્વામીરૂપે બિરાજતા ઘનશ્યામને મળ્યા ત્યારે તેમને ખબર પડી કે આ તો બધી અવતારી પુરુષની લીલા હતી !

☞ **નોંધ :- સારા, સ્વચ્છ અને સુંદર અક્ષરનાં પાંચ ગુણ આપવાનું ભૂલાય નહીં.**

❑ ❑ ❑